SHABDBRAHM
E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# આધુનિક રાષ્ટ્ર અને સરદાર પટેલ

ડૉ.દિપીકાબેન કે. રોહિત
આસી.પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ.
શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા.

પ્રસ્તાવના

સરદાર વલ્લભભાઈ પટેલે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત 1917માં કરી હતી. જ્યારે તેઓ ગુજરાત સભાના સચિવ તરીકે ચૂંટાયા હતા, જેનું લક્ષ્ય ગુજરાતના લોકોના હિતોને પ્રોત્સાહન આપવાનું હતું. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની રેન્કમાંથી ઝડપથી ઉભરી આવ્યા, જે મુખ્ય રાજકીય પક્ષ હતો જેણે બ્રિટિશ શાસનથી ભારતની સ્વતંત્રતાની લડતનું નેતૃત્વ કર્યું હતું સરદાર વલ્લભભાઈ પટેલ મહાત્મા ગાંધીના નજીકના સહયોગી હતા અને ભારતની સાથે નજીકથી કામ કર્યું સ્વતંત્રતા હાંસલ તેમની સાથે નજીકથી કામ કર્યું હતું.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સૌથી મોટું યોગદાન 1930ના મીઠાના સત્યાગ્રહમાં તેમની ભૂમિકા હતી. અંગ્રેજોએ મીઠા પર કર લાદ્યો હતો. જે ભારતીય લોકો માટે આવશ્યક શ્રીજવસ્તુ હતી. સરદાર વલ્લભભાઈ પટેલે મીઠાની કૂચનું આયોજન કરવામાં અને ટેક્સ સામેના વિરોધનું નેતૃત્વ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મીઠા કૂચ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક મહત્વપૂર્ણ ઘટના હતી. અને તેણે ભારતીય લોકોને એકત્ર કરવામાં અને સ્વતંત્રતાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકાભજવી હતી.

1947માં ભારતને આઝાદી મળ્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલને ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ રજવાડાઓને ભારતીય સંઘમાં એકીકૃત કરવા માટે જવાબદાર હતા, જે કાર્ય ઘણા લોકો દ્વારા અશક્ય માનવામાં આવતું હતું. સરદાર વલ્લભભાઈ પટેલના નિશ્ચય અને રાજકીય કુશાગ્રતાએ તેમને આ સ્મારક કાર્ય હાંસલ કરવામાં મદદ કરી તેમણે રજવાડાના શાસકોને ભારતીય સંઘમાં જોડાવા માટે સમજાવ્યા અને હૈદરાબાદ, જૂનાગઢ અને જમ્મુ અને કાશ્મીર રાજ્યોને ભારત સરકારના નિયંત્રણ હેઠળ લાવવા

માટે તેમણે બુદ્ધિ-બળ ઉપયોગ કર્યો હતો. રજવાડાઓને એકીકૃત કરવાના સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયાસોને કારણે તેમને "ભારતના લોખંડી પુરુષ" તરીકેનું ઉપનામ મળ્યું.

સરદાર વલ્લભભાઈ પટેલ આધુનિક ભારતના નિર્માણમાં અજોડ યોગદાન આપનાર લોખંડી પુરુષ હતા. જેમણે ભારતની સ્વતંત્રતા સંગ્રામમાં ગાંધીજીના મુખ્ય સેનાની તરીકે ભૂમિકા ભજવી, બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું અને સ્વતંત્રતા પછી રજવાડાઓનું ભારતીય સંઘમાં એકીકરણ કરીને દેશની અખંડિતતા સુનિશ્ચિત કરી, જે આધુનિક અને એકીકૃત ભારતના શિલ્પી તરીકે તેમના વારસાને સ્થાપિત કરે છે.

**આધુનિક ભારતના શિલ્પી: સરદાર વલ્લભભાઈ પટેલ**

- **પ્રારંભિક જીવન અને ગાંધીજી સાથે જોડાણ:**

સરદાર પટેલે વકીલાત છોડી ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વતંત્રતા સંગ્રામમાં પ્રવેશ કર્યો. તેમની દેશભક્તિ, અહિંસક પ્રતિકાર અને રાજકીય કુશળતાથી તેઓ ગાંધીજીના મુખ્ય સેનાની બન્યા.

SHABDBRAHM

- **બારડોલી સત્યાગ્રહ અને 'સરદાર' બિરુદ:**

૧૯૨૮માં બારડોલીના ખેડૂતો પરના અન્યાયી કર સામે તેમણે સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું. આ સફળતા બદલ ગાંધીજીએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું, જે તેમના નેતૃત્વની ઓળખ બની.

- **રજવાડાઓનું એકીકરણ (Operation Polo અને અન્ય):**

આઝાદી પછી, તેમણે હૈદરાબાદ જૂનાગઢ અને કાશ્મીર જેવા રજવાડાઓને ભારતીય સંઘમાં એકીકૃત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી. આ અવિશ્વસનીય કાર્યથી તેમને 'આયર્ન મેન ઓફ ઈન્ડિયા' (ભારતના લોખંડી પુરુષ) તરીકે ઓળખ મળ્યા અને ભારતની એકતા સુનિશ્ચિત થઈ.

- **આધુનિક ભારતના ઘડતરમાં યોગદાન:**

ગૃહમંત્રી તરીકે તેમણે દેશની આંતરિક સુરક્ષા અને વહીવટી માળખાને મજબૂત બનાવ્યું. નર્મદા યોજના (સરદાર સરોવર) અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (Statue of Unity) તેમના દૂરંદેશી અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાના પ્રતીક છે.

- **વારસો:**

સરદાર પટેલનું જીવન મજબૂત ઇચ્છાશક્તિ, દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપે છે. તેઓ ખરા અર્થમાં આધુનિક, અખંડ અને સમૃદ્ધ ભારતનો પાયો નાખનાર મહાન નેતા હતા, જેઓ હંમેશા પ્રેરણારૂપ રહેશે.

આ રીતે, સરદાર વલ્લભભાઈ પટેલે ભારતને એક અખંડ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવામાં અને આધુનિક ભારતના નિર્માણમાં કીમતી યોગદાન આપ્યું છે.

બ્રિટિશરોએ જ્યારે હિન્દુસ્તાન છોડયું ત્યારે પોતાની સંપૂર્ણ સત્તાવાળા પ્રાંતો તો ભારત અને પાકિસ્તાનને સમજતા પ્રમાણે સોંપી ગયા. પણ ૫૦૦થી ૬૦૦ જેટલાં નાનામોટાં રજવાડાઓને કહી ગયા કે તમે તમારી ઇચ્છા પ્રમાણે ભારત અથવા પાકિસ્તાનમાં જોડાઈ શકો છો અથવા સ્વતંત્ર રહી શકો છો અથવા એક ત્રીજો સંઘ પણ બનાવી શકો છો .

SHABDBRAHM

આ જટિલ સમસ્યાનો ઉકેલ શોધવાની જવાબદારી સરદાર વલભભાઈ પટેલે સ્વીકારી. એમણે એક તરફ આ રજવાડાઓની પ્રજામાં દેશપ્રેમની ભાવના જગાડી તૈયાર કર્યા અને બીજી બાજુ રાજાઓને ભારતમાં જોડાઈ જવામાં જ તેમનું હિત છે તે સમજાવવાનું શરૂ કર્યું. રાજાઓને એમણે સમજાવ્યા કે ભારતમાં તમારા રાજ્યના વિલય બાદ પણ તમારો માન-મરતબો જાળવી રખાશે તમારો સંબોધનો અકબંધ રહેશે. તમારી રહેણીકરણી ટકાવી રાખવા તમને સાલિયાણું આપવામાં આવશે. તમારી આવગી સંપત્તિ અને તમારા રાજમહેલ તમારી માલિકીના જ રહેશે. પ્રજા ભારતમાં જોડાવા માગતી હોય અને તમે આમાં સહકાર આપશો તો પ્રજામાં તમારો આદરભાવ વધશે.

મોટા ભાગનાં રજવાડાતો તરત તૈયાર થઈ ગયાં. જે આનાકાની કરતાં હતાં તેમને સરદારે પરિણામ ભોગવવા તૈયાર રહેવાની સખત ભાષામાં ચેતવણી આપી. ત્રણ રાજ્યો, જૂનાગઢ,

હૈદરાબાદ અને કાશ્મીર સિવાયનાં બધા માની ગયો.જો સરદારે કુનેહ અને પોતાની લોહપુરુષ તરીકેની છબીનો ઉપયોગ ન કર્યો હોત તો દેશ અનેક ટુકડામાં વહેંચાઈ જાત.

આઝાદી પહેલાં પણ સરદારના સંબંધો આ રાજાઓ સાથે સારા હતા, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં રાજ્યોમાં સરદાર કાઠિયાવાડ રાજકીય પરિષદ, ભાવનગર પ્રજા પરિષદ અને વડોદરાના પ્રજામંડળના પ્રમુખ હતા. અનેક રાજ્યોની પ્રજાનાં મંડળોના તેઓ સંપર્કમાં રહેતા.

પમી જુલાઈ, ૧૯૪૭ના દિવસે સ્ટેટ ડિપાર્ટમેન્ટ સરદારને સોંપવામાં આવ્યું. સરદારે વી. પી. મેનન અને લૉર્ડ માઉંટબેટનની મદદથી રાજાઓ સાથે વાટાઘાટ શરૂ કરી દીધી. એમણે રાજાઓને કહ્યું કે રક્ષાખાતું, વિદેશખાતું અને સંચાર વ્યવસ્થા (ટપાલ અને રેલવે) આ ત્રણ ખાતાં ભારત સરકારને સોંપી દ્યો અને બાકીનાં ખાતાંઓનો વહિવટ તમે જ ચલાવો.

આઝાદીની શરૂઆતમાં જ સંસારની ઇચ્છા રાજાઓ સાથે અથડામણમાં આવવાની ન હતી. રાજાઓમાં પણ સરદારે દેશપ્રેમની ભાવના જગાડી અને એમના હિતોને પોતે ધ્યાનમાં રાખશે એવી ખાતરી આપી.

SHABDBRAHM

ત્રણ રાજ્યોને છોડી બાકીના રાજ્યો સરદારની વાતમાં પણ સમય ગુમાવ્યા વગર બધાં સાથે કરાર કરી લીધા. આટલું મોટું કામ સરદારે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના ગાળામાં કરી લીધું. જયારે જ્યારે કંઈ અડચણ આવી ત્યારે સરદારે ત્વરિત નિર્ણયો લીધા, જરૂર પડી ત્યાં નેહરુને વિશ્વાસમાં લીધા. નેહરુ નહિ માને એવું બાગ્યુ ત્યાં ત્યાં સીધા ગાંધીજી પાસેથી મંજૂરી લઈ લીધી. કયારેક લૉર્ડ માઉટબેટનને વચ્ચે રાખી નેહરુને મનાવી લીધા.

૧૬મી ડીસેબર, ૧૯૪૭ના રોજ સરદારે એક નિવેદન દ્વારા રજવાડાંઓનો આભાર માન્યો ૨૯મી જાન્યુબારી. ૧૯૪૮ની એક પ્રેસ કોન્ફરસમાં કહ્યું કે જાગૃત પ્રજા અને રાજાઓના સહકારથી આ બધું શક્ય થયું.

સરદારની આ સફળતા પાછળ એક કારણ એ હતું કે રાજાઓને વિશ્વાસ હતો કે સરદાર વચનના પાકા છે. બીજા રાજદ્વારી લોકોની જેમ વચન આપી ફરી જાય એમાના સરદાર ન હતા એમણે એમના સાલિયાણાંનો હક્ક બંધારણ દ્વારા આપ્યો એટલું જ નહિ પણ યોગ્ય રાજાઓને

રાજપ્રમુખ, ગવર્નર, એલચી, વગેરે સ્થાને નિમ્યા. રાજ્ય સોંપી દીધા પછી પસ્તાવાની વારો ન આવે એ બાબત પ્રત્યે સરદારે ખાસ ધ્યાન આપ્યું.

વી.પી.મેનનની સલાહથી સરદારે પહેલાં માત્ર ત્રણ બાબતો કેન્દ્રને સોંપવાની વાત કરી, કારણ કે સરદાર જાણતા હતા કે એક વાર આ ત્રણ વિષયમાં ભારત એક રાષ્ટ્ર બની જાય, ત્યાર બાદ બધું આપોઆપ થાળે પડશે.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં બધાં રજવાડા તો ભારતમાં જોડાઈ ગયો પણ જૂનાગઢે મુસીબત ઊભી કરી. જૂનાગઢની ૮૫ ટકા વસ્તી હિન્દુ હતી પણ નવાબ મુસ્લિમ હતા. જૂનાગઢ ચારે તરફથી તો ભારત સાથે ભળેલાં રાજ્યોથી ઘેરાયેલું હતું. માત્ર વેરાવળ બંદર દ્વારા પાકિસ્તાન સાથે સંપર્કમાં રહી શકે એમ હતું. શાહ નવાબ ભુટ્ટો નામના પ્રધાનની ચડામણીથી નવાબે ઝીણા સાથે પાકિસ્તાનમાં જોડાવા માટેના કરાર કરી લીધા.

પ્રજામાં ખળભળાટ મચી ગયો. સરદારે ભારતીય સેનાને જૂનાગઢને ચારબાજુથી ઘેરી લઈ નાકાબંધી કરવાનો હુકમ આપી દીધો. સરદારે વી.પી. મેનનને મોકલી, નવાબને સખત ચેતવણી આપી. નવાબ પોતાના કુટુંબ અને લઈ જવાય એવી મિલકત લઈ પાકિસ્તાન નાસી ગયા. સરદારની મંજૂરી લઈ શામળદાસ ગાંધી અને અન્ય નેતાઓએ આરજી હકુમતના નામે સરકારની સ્થાપના કરી જૂનાગઢ પર ચડાઈ કરી દીવાન ભુટ્ટોએ પાકિસ્તાનની મદદ માંગી, પણ પાકિસ્તાને કોઈ મદદ મોકલી નહિ. આખરે ૨૭મી ઓકટોબરે ભુટ્ટોએ ભારત સરકારને જૂનાગઢનો કબજો લેવાનો સંદેશો મોકલ્યો અને પોતે પાકિસ્તાન નાસી ગયા. સરદારે ત્યાંની પ્રજાનો મત લઈ, જૂનાગઢનો વિલય ભારતમાં કરી દીધો.

જૂનાગઢના પ્રશ્નનો નિકાલ લાવી સરદારે હૈદરાબાદ ઉપર ધ્યાન કેંદ્રિત કર્યું. અહીં પણ ૮૬ ટકા પ્રજા હિન્દુ હતી પણ નિઝામ મુસ્લિમ હતા. નિઝામની ઇચ્છા ભારત અને પાકિસ્તાનની જેમ ત્રીજું સ્વતંત્ર રાજ્ય રચવાની હતી. હૈદરાબાદ પણ ચારે તરફથી ભારતીય પ્રદેશોથી ઘેરાયેલું હતું અને એનું કોઈ બંદર પણ ન હતું. સરદારની સંમતિથી નિઝામ સાથે વાટાઘાટ કરવાનું કામ

લૉર્ડ માઉંટબેટનને સોંપાયું. સરદાર સંમતા હતા કે માઉંટબેટન વચ્ચે હશે તો આંતરાષ્ટ્રીય દબાણ નિવારી શકાશે. તે સિવાય નિઝામના મુખ્ય સલાહકાર વોલ્ટર મોંક્ટન માઉંટબેટનના મિત્ર હતા.

જુલાઈ, ૧૯૪૭માં નિઝામ સાથે વાટાઘાટો શરૂ થઈ. પણ ખાસ કંઈ પ્રગતિ થઈ શકી નહિ. ૨૪મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ સરદારે માઉંટબેટનને એક પત્ર દ્વારા જણાવ્યું કે નિઝામને જણાવી દો કે અન્ય રાજ્યો જે શરતે ભારતમાં જોડાયાં છે તે જ શરતે હૈદરાબાદે ભારતમાં જોડાવું પડશે. માઉંટબેટન સાથેની વાટાઘાટ નિષ્ફળ ગઈ.છેવટની  વાટાઘાટો સરદાર પાતાના હાથમાં લીધી. નિઝામના નજદીકા ગણાતા રાકાર કાયમ રિઝવી સરદારને  મળવા આવ્યા રિઝવીએ ધમકી આપી કે જે ભારત સરકાર દબાણ કરશે તો હૈદરાબાદ છેલ્લા પામ સુધી લડી લેશે.સરદારે સણસણતો જવાબ આપતાં કહ્યું જો તમારે આપઘાત ની તમને કોણ રોકી શકે?

થોડા સમય બાદ, સરદારે નેહરુને અજોર ભારતિમાં વિલય થવાનું કબૂલ કરવું જોઈએ. સરદારે ભારતની સેનાને તૈયાર રહેવા જણાવ્યું, નેહરુ આનાકાની કરતા હતા પણ મરદાર મક્કમ હતા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ ભારતની સેનાએ હૈદરાબાદ પર હુમલો કર્યો. ત્યારના ગવર્નર જનરલસી. રાજગોપાલાચારીએ સરદારના હુકમને કાયદેસર કરવા કેબિનેટની મિટિંગ બોલાવી અને મજૂરીની મહોર મારી દીધા.

એક અઠવાડિયામાં હૈદરાબાદ કબજે કરી લેવામાં આવ્યું.કાશ્મીરનો પ્રશ્ન જરા અલગ હતો. અહીં મુસ્લીમોની સંખ્યા વધારે હતી પણ રાજા હિંદુ હતા. કશ્મીરની સીમાઓ ભારત અને પાકિસ્તાનને સરખી લાગતી હતી. જે આધાર ઉપર ભાગલા પાડવામાં આવ્યા હતા, એ આધાર પ્રમાણે કશ્મીરના મહારાજા જો પાકિસ્તાનમાં જોડાવાનું પસંદ કરે તો ભારત વાંધો ન લેત. પણ નિઝામની જેમ મહારાજા પણ સ્વતંત્ર રાજ્યના સપનાં સેવતા હતા. તક જોઈને પાકિસ્તાને કબાલીઓ સાથે મળી કાશ્મીર પર હુમલો કર્યો. મહારાજા ડરીને નાસી જવાની તૈયારીમાં હતા. સરદારે તરત વી.પી. મેનનને મોકલી પરિસ્થિતિ સંભાળવા કહ્યું. મેનને મહારાજાને કુટુંબ સાથે જમ્મુ ચાલ્યા જવાનું કહ્યું, અને દિલ્હી જઈ સરદારને પરિસ્થિતિની જાણ કરી મરદારે નેહરુ અને માઉંટબેટનને ભારતીય સેના મોકલવા સલાહ આપી. માઉટબેટને કહ્યું કે મહારાજા ભારતમાં

વિલયના દસ્તાવેજ પર સહી ન કરે ત્યાં સુધી આમ કરવું એ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ જશે. સરદારે તરત વી.પી.મેનનને મોકલી મહારાજાના દસ્તખત મેળવી લીધા. તેમ છતાં નેહરુ પૂરી રીતે તૈયાર નહોતા. સરદારે કહ્યું કે હવે કાશ્મીરનું રક્ષણ કોઈ પણ ભોગે ભારતે કરવું જ જોઈએ. નહિ તો બીજા પ્રદેશોનો ભારત પરથી વિશ્વાસ ઊઠી જશે. ભારતીય સેનાની અજોડ કારવાઈથી હુમલાખોરો પીછેહઠ કરવા લાગ્યા. સરદાર કાશ્મીરનું ભૌગોલિક મહત્વ સમજતા હતા એટલે કાશ્મીરનો મુદ્દો પોતે જ ઉકેલવા માગતા હતા પણ નેહરુએ ઇચ્છા વ્યક્ત કરી કે આ પ્રશ્નનો ઉકેલ મને કરવા દો. સરદાર સંમત થયા. પરિણામ શું આવ્યું તે આપણે બધા જાણીએ છીએ.

ભારતના ઇતિહાસમાં સરદારનું નામ ભારતના ટુકડા થતાં બચાવનાર તરીકે અને અખંડ ભારતનું નિર્માણ કરનાર તરીકે અમર રહેશે.

- **સંદર્ભ સૂચિ**

૧) નંદુકર જી. એમ. (૧૯૮૧) : સરદારના પત્રો મોટેભાગે અજાણ સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ભવન

2) હરેશ ધોળકીયા (૨૦૨૫) : સરદાર વલ્લભભાઈ પટેલ એક સુગ્રથિત વ્યક્તિત્વ.

3) નટુભાઈ ઠક્કર : રાષ્ટ્રીય જીવનચરિત્ર ગ્રંથાવલી સરદાર વલ્લભભાઇ પટેલ ( શબ્દલોક પ્રકાશન )

૪) મીના અગ્રવાલ (અપ્રિલ ૨૦૨૪ ) :રાષ્ટ્રીય જીવનચરિત્ર શ્રેણી સરદાર વલ્લભભાઈ પટેલ

૫) પટેલ જીત મુકેશભાઈ : લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ

SHABDBRAHM